# MANAGEMENT QUOTA (M.Q.) GUIDELINES

## સંચાલક મંડળ (Management Quota)ની બેઠકો ભરવા માટેની અપેક્ષિત કાર્યરીતિ

## શૈક્ષણિક વર્ષ-૨૦૧૮-૧૯

પ્રવેશ વર્ષ ૨૦૧૮-૧૯ ની ડિપ્લોમા થી ડિગ્રી ઈજનેરીની પ્રવેશ કાર્યવાહી માટે જે સંસ્થાઓને AICTE દ્વારા ત્રીજા સેમેસ્ટરમાં અલગ ડિવીઝીન દ્વારા જે-તે વિદ્યાશાખામાં પ્રવેશ ફાળવવા માટે અલાયદી મંજૂરી આપવામાં આવેલી છે, ફક્ત તેવી જ સંસ્થાઓમાં તે જ વિદ્યાશાખામાં AICTE દ્વારા આવી મંજૂર કરાયેલ કુલ બેઠકોની ૨૫% બેઠકો સંચાલક મંડળની બેઠકો તરીકે સરકારશ્રીનાં જાહેરનામા ક્રમાંક : GH/SH/42/2013/PVS/102013/473/S તા. ૧૮-૭-૨૦૧૩ અંતર્ગત સંસ્થા દ્વારા નીચે મુજબની કાર્યરીતિને અનુસરી ભરી શકાશે.

### સંચાલક મંડળની બેઠકો ભરવા માટેની કાર્યરીતિ :

(૧) આવી પ્રત્યેક સંસ્થા fair, transparent & non-exploitative રીતે પ્રવેશ કાર્યવાહી કરશે તેમજ કોઈપણ પ્રવેશપાત્રતા ધરાવતા વિદ્યાર્થીને પ્રવેશ ફોર્મ આપવાની કે સ્વીકારવાની ના પાડશે નહીં.

(૨) સંસ્થા સંચાલક મંડળની બેઠકો પર પ્રવેશ આપવા માટે તેમની સંસ્થામાંથી એક નોડલ ઓફિસર નિયુક્ત કરશે. પ્રવેશ સમિતિને નોડલ ઓફિસરના નામ તેમજ ફોન નંબરની જાણ કરશે. વિદ્યાર્થી તેમજ પ્રવેશ સમિતિ, પ્રવેશ અંગેની ફરિયાદ માટે નોડલ ઓફિસરનો સંપર્ક કરશે અને નોડલ ઓફિસર આવી તમામ ફરિયાદોનો નિકાલ સમયમર્યાદામાં કરશે.

(૩) સંચાલક મંડળની બેઠકો ઉપર પ્રવેશ આપવા માટે સદર સંસ્થાઓએ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ નિશ્ચિત સમયગાળા દરમિયાન પ્રવેશની કાર્યવાહી કરવાની રહેશે.

(૪) **સંચાલક મંડળની બેઠકો ઉપર પ્રવેશ આપવા માટે પ્રત્યેક સંસ્થા અથવા સંસ્થાઓનો સમૂહ સાથે મળી સંયુક્ત રીતે પ્રવેશ કાર્યવાહી કરશે. પ્રવેશ કાર્યવાહી અંગેની તમામ વિગતો રાજ્યના ૫૦,૦૦૦ (પચાસ હજાર) કે તેથી વધારે નકલોનું વેચાણ ધરાવતા અગ્રગણ્ય સમાચાર પત્રો પૈકીના કોઈપણ એક સમાચારપત્રમાં તથા સંસ્થાની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરશે. આ જાહેરાતમાં પ્રવેશ પ્રક્રિયાનું સમયપત્રક એટલે કે પ્રવેશ ફોર્મ વિતરણ તથા સ્વીકારનો સમયગાળો, મેરીટ યાદી જાહેર કરવાની તારીખ તથા કાઉન્સેલીંગની તારીખ અને સ્થળનો સમાવેશ અચૂકપણે કરવાનો રહેશે તેમજ પ્રવેશ સમિતિને તેની સંપૂર્ણ માહિતી આપવાની રહેશે.**

| ક્રમ | વિગત | તારીખ | નોંધ |
|---|---|---|---|
| ૧. | વર્તમાનપત્રમાં જાહેરાત | તા. ૦૧-૦૮-૨૦૧૮ | રાજ્યમાં ૫૦,૦૦૦થી વધુ પ્રસિદ્ધિ ફેલાવતું અખબાર |
| ૨. | પ્રવેશ ફોર્મ આપવાની અને પરત લેવાની કાર્યવાહી | તા. ૦૩-૦૮-૨૦૧૮ થી તા. ૦૭-૦૮-૨૦૧૮ | સંસ્થા ખાતે |
| ૩. | મેરીટ યાદીની પ્રસિદ્ધિ | તા. ૦૯-૦૮-૨૦૧૮ | સંસ્થાની વેબસાઈટ તથા નોટિસ બોર્ડ ઉપર |
| ૪. | કાઉન્સેલીંગ | તા. ૧૦-૦૮-૨૦૧૮ થી તા. ૧૩-૦૮-૨૦૧૮ | કાઉન્સિલીંગની કાર્યવાહી બાજુમાં દર્શાવેલ દિવસો પૈકી કોઈ એક દિવસે કરવાની રહેશે જેની સ્પષ્ટ સૂચના ક્રમ-૧ માં જણાવેલ જાહેરાતમાં અગાઉથી દર્શાવવાની રહેશે. |
| ૫. | પ્રવેશ યાદી સમિતિ ખાતે એન્ડોર્સમેન્ટ માટે મોકલવાની તારીખ | તા. ૧૭-૦૮-૨૦૧૮ | પ્રવેશ સમિતિ ખાતે |

(૫) સંસ્થા વિતરણ કરેલ પ્રવેશ ફોર્મની તથા પરત મળતા પ્રવેશ ફોર્મની નોંધ રાખશે, તેને લગતું એક અલાયદું રજિસ્ટર નિભાવશે. સંસ્થા તેને મળેલ પ્રવેશપાત્રતા ધરાવતા અને પ્રવેશ સમિતિનો મેરીટ નંબર ધરાવતા વિદ્યાર્થીઓની આંતરિક મેરીટ (Inter-se Merit) યાદી બનાવશે, મેરીટ યાદી સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર, વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવાની રહેશે તથા પ્રવેશ સમિતિને એક નકલ મોકલવાની રહેશે. પ્રવેશ આપેલ વિદ્યાર્થીની યાદીને NICના વેબપોર્ટલ પર PI(પાર્ટીસીપેન્ટ ઈન્સ્ટીટ્યુટ) મોડ્યુલમાં તા. ૧૬/૦૮/૨૦૧૮ સુધીમાં અપલોડ કરવાની રહેશે.

(૬) સંચાલક મંડળની બેઠકો માટેનો પ્રવેશ ફોર્મ માટેની ફી રૂા. ૩૫૦/-થી વધારે રાખી શકશે નહીં.

(પાછળ) .........

(૭) સંચાલક મંડળની બેઠકો ભરવા માટેની આ કાર્યરીતિનું દરેક સંસ્થાએ ચુસ્ત પાલન કરવાનું રહેશે. સદર કાર્યરીતિના ઉલ્લંઘન અંગેની સંસ્થા વિરુદ્ધની ફરિયાદને ગંભીરતાથી લેવામાં આવશે તથા આવા કિસ્સામાં ગુજરાત વ્યાવસાયિક ટેકનીકલ શૈક્ષણિક કોલેજ અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) અધિનિયમ, ૨૦૦૭ (ગુજરાત કાયદા ક્રમાંક ૨/૨૦૦૮)ની કલમ ૧૪ અન્વયે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.

(૮) સ્વનિર્ભર સંસ્થાઓ કુલ મંજૂર થયેલી બેઠકો પૈકી સંચાલક મંડળની ૨૫% બેઠકોમાંથી વધુમાં વધુ ૫%ની મર્યાદામાં આવી બેઠકો ઉપર લઘુત્તમ લાયકાત ધરાવતા અને લાયકી પરીક્ષા ગુજરાત રાજ્ય બહારથી ઉત્તીર્ણ કરેલા વિદ્યાર્થીઓને મેરીટના ધોરણે પ્રવેશ ફાળવી શકશે.

(૯) સંસ્થા કોઈપણ વિદ્યાર્થીને નિયત સમયમર્યાદામાં પ્રવેશ ફોર્મ આપવાની / સ્વીકારવાની ના પાડી શકશે નહીં. જો સંસ્થા દ્વારા વિદ્યાર્થીનું પ્રવેશ ફોર્મ આપવામાં / સ્વીકારવામાં ન આવે તો, આવા કિસ્સામાં વિદ્યાર્થીઓએ પ્રવેશ સમિતિની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ પ્રવેશ ફોર્મની પ્રિન્ટ આઉટ મેળવી, સંપૂર્ણ ભરી, રૂા. ૫૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું સહીત રજૂ કરવાનું રહેશે. આવું ફોર્મ તથા સોગંદનામું રૂબરૂમાં પ્રવેશ સમિતિ ખાતેના ફરિયાદ સેલમાં, પ્રવેશ સમિતિ દ્વારા નિર્ધારિત સમયમર્યાદામાં સંસ્થાદીઠ રૂા. ૩૫૦/- પ્રતિ ફોર્મ વહીવટી ચાર્જ સાથે જમા કરાવવાનું રહેશે. દરેક સંસ્થા દીઠ અલગ-અલગ ફોર્મ અને સોગંદનામું કરવાનું રહેશે. બાદમાં પ્રવેશ સમિતિ જે-તે સંસ્થાને આવા ફોર્મ મોકલી આપશે. સંસ્થાએ આવા તમામ ફોર્મ સ્વીકારી, આવા વિદ્યાર્થીઓનો સંસ્થાની મેરીટ યાદીમાં સમાવેશ કરવાનો રહેશે.

**ડિપ્લોમાથી ડિગ્રી ઈજનેરીમાં મેનેજમેન્ટ ક્વોટા ધરાવતી સંસ્થા નીચે મુજબ છે.**

| No. | Institue | Branch | MQ SEATS | OTHER STATE SEATS |
|---|---|---|---|---|
| (1) | **AHMEDABAD INSTITUTE OF TECHNOLOGICAL** Gota-Ognaj Highway, Ahmedabad. | Mechanical Engineering | 9 | 2 |
| | | Computer Engineering | 8 | 2 |
| (2) | **TATVA INSTITUTE OF TECHNOLOGICAL STUDIES** Nr. Karna Pump, Modasa-Shamlaji Road, Modasa, Aravalli - 383 315 | Mechanical Engineering | 12 | 3 |
| (3) | **PARUL INSTITUTE OF TECHNOLOGY** P. O. Limba, Ta. Wagodiya, Dist. Vadodara. | Mechanical Engineering | 12 | 3 |

**મેમ્બર સેક્રેટરી**